**ક્રમાંક–૭**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**શુક્રવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા.૩જી, માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, અને ૧૧ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીના પ્રશ્ન અગ્રતાક્રમ–૯ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૨થી ૮૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

૨. **ખર્ચના પૂરક પત્રકમાં ટાઇપિંગ ભૂલ અંગે**

કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે ખર્ચના પૂરક પત્રકમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની પાના નં. ૩૩ ઉપર જે પૂરક માગણી બતાવી છે તે રૂપિયા ૨૬૮૫ કરોડ ૭૮ લાખ ૨૫ હજારની પૂરક માગણીના ગ્રાન્ડ ટોટલમાં ટાઇપ મિસ્ટેક હોવાનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતા, માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતમાં માનનીય મંત્રીશ્રીને ટાઇપ મિસ્ટેક હોય તો સુધારો કરાવી લેવાનું અને જો ખરેખર ટાઇપ મિસ્ટેક હોય તો તે જોવાની સચિવોની જવાબદારી છે અને તે જોયા પછી જ ગૃહ સમક્ષ રજૂ કરે તેમ સચિવશ્રીને સૂચના આપવા જણાવ્યું. આ ઉપરાંત આ સાહિત્યની અંદર કોઇપણ પ્રકારની ક્ષતિ હોય તો તે પોઝિટિવ લઇને તેમાં સુધારો કરાવી લેવા અંગેનું તમામ સભ્યશ્રીઓને માર્ગદર્શન આપ્યું.

૩. **પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

પૂરક માગણીઓ રજૂ કરવાના તબક્કે માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૨–૨૩ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતા અનુચ્છેદ ૨૦૫ અન્વયેની માનનીય રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૨, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૯, વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૩, નાગરિક પૂરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૨૨ અને સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૩૩ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક–૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨ અને પૂરક માગણી ક્રમાંક–૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩, પૂરક માગણી ક્રમાંક–૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૬, પૂરક માગણી ક્રમાંક–૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૭ તથા પૂરક માગણી ક્રમાંક–૩૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબક્કે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૨) શ્રી હીરાભાઇ સોલંકી
(૩) શ્રી માનસિંહ ચૌહાણ
(૪) શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા
(૫) શ્રી ભગાભાઇ બારડ
(૬) શ્રીમતી માલતીબેન મહેશ્વરી
(૭) શ્રી લવિંગજી સોલંકી
(૮) શ્રી બલરાજસિંહ ચૌહાણ
(૯) શ્રી શામજીભાઇ ચૌહાણ
(૧૦) શ્રી શૈલેષભાઇ મહેતા
(૧૧) શ્રી ઉમેશ મકવાણા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

૪. **માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

**ગેલેરીમાં બેસતા અધિકારીઓની વર્તણૂક બાબત**

સભ્યશ્રી ભગાભાઇ બારડે સભાગૃહની ગેલેરીમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી અમુક અધિકારીઓ પગ ઉપર પગ ચડાવીને બેસતા હોવાનું માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરતા, માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહનું અવમાન થાય તેવું કોઇ કામ ન કરવા અને સભાગૃહમાં થતી ચર્ચામાં ધ્યાન કેન્દ્રિત કરવાની ગેલેરીમાં બેસતા અધિકારીઓને સૂચના આપી.

૫. **પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) ( ક્રમશઃ)**

ત્યારબાદ પૂરક માગણીઓ ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૩, ૬, ૭, ૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૨, ૯, ૧૩, ૨૨ અને ૩૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. **વિરામનો સમય ટૂંકાવવા અંગે**

કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ડો.સી.જે. ચાવડાએ વિરામનો સમય ટૂંકાવવા અંગેનો પ્રસ્તાવ રજૂ કરતા માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે સમર્થન આપતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની અનુમતિથી સભાગૃહના વિરામનો સમય ટૂંકાવ્યો. (બપોરના ૨.૨૨)

**( વિરામ બપોરના ૨-૨૨ થી ૨-૫૦ )**

૭. **બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી વિધેયકો**

**દાખલ કરવાના બિન-સરકારી વિધેયકો**

(૧) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૨૩નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ(રદ કરવા) બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યુ.

(૩) સભ્યશ્રી મહેશ કસવાલાએ સન ૨૦૨૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબતનું વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યુ.

(૪) સભ્ય શ્રીમતી રીટાબેન પટેલે સન ૨૦૨૩નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યુ.

(૫) સભ્યશ્રી પૂનમચંદ બરંડાએ સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યુ.

(૬) સભ્યશ્રી અમિત શાહે સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધીકરણ) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યુ.

(૭) સભ્યશ્રી બાબુભાઇ પટેલે સન-૨૦૨૩નું ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યુ.

(૮) સભ્યશ્રી હર્ષદભાઇ પટેલે સન-૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યુ.

(૯) સભ્યશ્રી પ્રવિણકુમાર માળીએ સન ૨૦૨૩નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યુ.

(૧૦) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૨૩નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યુ.

**સભાગૃહ, શનિવાર તા ૪થી, માર્ચ ૨૦૨૩ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૩–૦૪ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૩જી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.